C-/2004

239

Extra No. 170

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] MONDAY, JULY 25, 2005/SRAVANA 3, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other Authorities under the Election Commission.**

### ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

**૧ લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,અમદાવાદ. તારીખ ૩૧ માર્ચ, ૨૦૦૫**

તા.૩૧માર્ચ-૨૦૦૫ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશન નં. ૯, ૨૦૦૫ " **પૂરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા અંગે વિનિયમો**" ના નિયમનનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

**અમદાવાદ**
**તા.૩૧ માર્ચ,૨૦૦૫**

**પી.એસ.શાહ**
**સચિવ**

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## પૂરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા અંગે વિનિયમો

## ૨૦૦૫નું જાહેરનામા નં - : ૯

૨૦૦૩ના વીજળી અધિનિયમ (૨૦૦૩નો ૩૬મો) ની કલમ ૪૫ અને ૪૬ સાથે વાંચતા કલમ ૧૮૧ અન્વયે સોંપેલી સત્તાઓ અને આ અંગે તેમને સક્ષમ કરતી તમામ સત્તાઓની રૂએ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ અહીં નીચેના વિનિયમો કરે છે.

### પ્રકરણ-૧

**૧. ટૂંકુ શીર્ષક, વ્યાપ્તિ, પ્રારંભ અને અર્થઘટન**

૧. આ વિનિયમો, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા) વિનિયમો,૨૦૦૫ કહેવાશે.

૨. આ વિનિયમો, ગુજરાત રાજયમાં તમામ વિતરણ પરવાનેદારોને તેમના સંબંધિત લાઈસન્સવાળા વિસ્તારોમાં લાગુ પડશે.

૩. આ વિનિયમો, ગુજરાતમાં તેની પ્રસિધ્ધિની તારીખથી અમલમાં આવશે.

### પ્રકરણ - ૨

૨. **વ્યાખ્યાઓ**

૨.૧ આ વિનિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,

(૧) અધિનિયમ એટલે ૨૦૦૩નો વીજળી અધિનિયમ (૨૦૦૩નો ૩૬મો)

(૨) અરજદાર એટલે વીજળી પુરવઠા માટે વિતરણ પરવાનેદારને અરજી કરનાર કોઈપણ મકાનનો માલિક અથવા કબજેદાર.

(૩) 'આયોગ' એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ.

(૪) 'વિતરણ પરવાનેદાર' એટલે પોતાના પુરવઠાના વિસ્તારમાં ગ્રાહકોને વીજળી પૂરી પાડવા વિતરણ પ્રણાલીનું સંચાલન અને નિભાવ કરવા અધિકૃત પરવાનેદાર.

(૫) 'વિતરણ મુખ્ય' એટલે મુખ્ય લાઈન સાથે સર્વિસ લાઈન જોડી હોય અથવા જોડવાનો ઈરાદો હોય તેવી કોઈપણ મુખ્ય લાઈનનો ભાગ.

(૬) 'વિતરણ પ્રણાલી' એટલે પ્રવાહન લાઈન કે વીજ ઉત્પાદન જોડાણ પરના ડિલીવરી પોઈન્ટ અને ગ્રાહકોની ગોઠવણ સુધીના જોડાણ પોઈન્ટ વચ્ચે વાયરો અને સંલગ્ન સગવડોની વ્યવસ્થા.

(૭) 'વીજળી પ્લાન્ટ' એટલે વીજ-ઉત્પાદન, પ્રવાહન, વિતરણ કે તેના પુરવઠા માટે અથવા તેની સાથે જોડેલ કોઈપણ પ્લાન્ટ, સાધનસામગ્રી કે સાધનો કે ઉપકરણો, જેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

 ૧. વીજળી લાઈન અથવા

 ૨. કોઈપણ મકાનને પૂરા પાડેલ વીજળી જથ્થાની ચકાસણી માટે વાપરેલ મીટર

 ૩. ગ્રાહકના નિયંત્રણ હેઠળની વીજળિક સાધનસામગ્રી, સાધનો કે ઉપકરણો.

(૮) 'વીજળિક લાઈન' એટલે કોઈપણ હેતુ માટે વીજળીનું વહન કરવા વપરાતી કોઈપણ લાઈન અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

૧. આવી કોઈ લાઈન માટે આધાર, એટલે કે કોઈપણ સંરચના, ટાવર, થાંભલો અથવા બીજી વસ્તુઓ કે જેની અંદર, પર, દ્વારા કે તેમાંથી આવી કોઈ લાઈનને ટેકો આપ્યો હોય, વહન કરેલ હોય કે મોકૂફ રાખી હોય કે તેમ કરવામાં આવે, અને

૨. વીજળીના વહન માટે આવી કોઈ લાઈન સાથે જોડેલ કોઈ ઉપકરણ.

(૯) 'વધારાનો ઉચ્ચ વોલ્ટાતા પુરવઠો' (એકસ્ટ્રા હાઈ ટેન્શન ઈ.એચ.ટી.) એટલે ૬૬ કે.વી.ની સમતુલ્ય કે તેથી વધારે વોલ્ટેજે પૂરી પાડેલી વીજળી.

(૧૦) 'સરકાર' એટલે કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર, જે હોય તે.

(૧૧) 'ઉચ્ચ વોલ્ટતા પુરવઠો' (હાઈ-ટેન્શન એચ.ટી) એટલે ૪૪૦ વોલ્ટ કરતા વધુ અને ૬૬ કે.વી. કરતાં ઓછા વોલ્ટેજે પૂરો પાડેલ વીજ-પુરવઠો.

(૧૨) 'નિમ્ન વોલ્ટતા પુરવઠો' (લો-ટેન્શન એલ.ટી.) એટલે ૪૪૦ વોલ્ટથી વધે નહીં તેવા વોલ્ટેજે પૂરી પાડેલ વીજળી.

(૧૩) "મહિનો એટલે અંગ્રેજી કેલેન્ડર મહિનો" સંદર્ભથી અન્યથા જરુરી હોય તે સિવાય - એક કેલેન્ડર મહિનાની નિર્દિષ્ટ તારીખથી બીજા કેલેન્ડર મહિનાની તે તારીખ સુધીનો સમય-ગાળો (૩૦ દિવસ જેટલો સમયનો ગાળો)

(૧૪) 'સર્વિસ લાઈન' એટલે કોઈપણ વીજળી પુરવઠા લાઈન, જેની મારફત વીજળી પૂરી પાડેલી હોય અથવા પૂરી પાડવાનો ઈરાદો હોય.

૧. વિતરણ મુખ્ય લાઈનમાંથી અથવા તાત્કાલિક વિતરણ પરવાનેદારની જગ્યાએ એક ગ્રાહકને અથવા

૨. વિતરણ મુખ્ય લાઈનમાંથી સમાન મકાનની જગ્યાએ ગ્રાહકોના જૂથને અથવા વિતરણ મુખ્ય લાઈનના તે જે પોઈન્ટોમાંથી બાજુના મકાનને વીજળી પૂરી પાડવી.

(૧૫) 'રાજય અધિનિયમ' એટલે ૨૦૦૩નો ગુજરાત વીજ ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ.

(૧૬) પેટા-મથક (સબ-સ્ટેશન) એટલે વીજળીના પ્રવાહન કે વિતરણ માટે વીજળીનું રૂપાંતર કરવા માટેનું મથક અને તેના ટ્રાન્સફોર્મરો, કન્વર્ટર, સ્વિચગિયર, કેપેસિટર, સમકાલિક કન્ડેન્સર, સંરચનાઓ, કેબલ અને બીજી સંલગ્ન સાધન સામગ્રી અને તે હેતુ માટે વાપરેલ કોઈપણ મકાન અને તેની જગ્યા.

(૧૭) કામચલાઉ સર્વિસ (ટેમ્પરરી સર્વિસ) એટલે શરૂઆતમાં વધુમાં વધુ એક મહિનાની મુદત માટે પુરવઠો આપવામાં આવશે, પરંતુ કાયમી પુરવઠાના હેતુસર વીજ-ગોઠવણના વર્ગીકરણ અનુસાર વધુ વધારો કરવાની બાબત સમીક્ષાને આધીન રહેશે.

આ વિનિયમોમાં વપરાયેલા અને વ્યાખ્યા નહીં અપાયેલ, પરંતુ, અધિનિયમમાં કે રાજય અધિનિયમ કે તે હેઠળ ઘડેલા નિયમોમાં વ્યાખ્યા અપાયેલ શબ્દો અને શબ્દસમૂહોના અર્થ ઉકત અધિનિયમ, રાજય અધિનિયમ કે આવા નિયમોમાં તેમને અપાયેલા અર્થ મુજબ રહેશે. અહીં વપરાયેલા પરંતુ આ વિનિયમોમાં, કે અધિનિયમમાં અથવા રાજય અધિનિયમમાં કે તે હેઠળ ઘડેલા નિયમોમાં નિર્દિષ્ટપણે વ્યાખ્યા નહીં અપાયેલ, પરંતુ સક્ષમ વિધાનસભા દ્વારા પસાર કરાયેલ અને રાજયમાં વીજઉદ્યોગને લાગુ પડવાપાત્ર કોઈપણ કાયદા અન્વયે વ્યાખ્યા અપાયેલ શબ્દો અને શબ્દસમૂહોના અર્થ આવા કાયદામાં તેમને અપાયેલ અર્થ મુજબ રહેશે. ઉપરની બાબતને અધીન રહીને, અહીં વપરાયેલ પરંતુ વિનિયમો કે અધિનિયમ કે રાજય અધિનિયમ કે તે હેઠળ ઘડેલા નિયમો કે સક્ષમ વિધાનસભાએ પસાર કરેલા બીજા કોઈપણ કાયદા અન્વયે નિર્દિષ્ટપણે વ્યાખ્યા નહીં અપાયેલ શબ્દો કે શબ્દસમૂહોના અર્થ, સામાન્ય રીતે વીજઉદ્યોગને અપાયેલા અર્થ મુજબ રહેશે. ૧૯૦૪ના મુંબઈ સામાન્ય ખંડ, અધિનિયમ, હાલના વિનિયમોના હેતુ માટે લાગુ પડશે.

૨.૨ <u>અર્થઘટન :</u>

આ વિનિયમોના અર્થઘટનમાં સંદર્ભથી, અન્યથા અપેક્ષિત હોય તે સિવાય :

(ક) એકવચન કે બહુવચનમાં યથાપ્રસંગ આવતા શબ્દો અનુક્રમે બહુવચન કે એકવચનના શબ્દોમાં સમાવિષ્ટ થતા હોવાનું ગણવામાં આવશે.

(ખ) 'સમાવેશ' કે 'સહિત' શબ્દો, આવા શબ્દો આયાત જેવા શબ્દો કે વાકયાંશો પછી આવતા હોય કે નહીં તે લક્ષમાં લીધા વિના 'મર્યાદા વિના' અથવા 'પરંતુ તેને મર્યાદિત નહીં' એવા શબ્દસમૂહો પાછળ આવતા હોવાનું ગણવામાં આવશે.

(ગ) અહિં 'વિનિયમ' ના સંદર્ભોના અર્થ, અમલમાં હોય તે લાગુ પાડવાપાત્ર કાયદા અનુસાર આયોગ દ્વારા વખતોવખત સુધારા કે ફેરફાર કરવામાં આવે તે મુજબના આ વિનિયમો અંગેના સંદર્ભો તરીકે ગણવા.

(ઘ) શીર્ષકો સુગમતા માટે મૂકયા છે અને આ વિનિયમોના અર્થઘટન માટે તેને ધ્યાનમાં લેવા નહીં.

(ચ) કાનૂનો, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓના સંદર્ભોના અર્થ, અહીં ઉલ્લેખ કરાયેલ આવા કાનૂન, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને, યથાપ્રસંગ, એકત્રિત કરતી, સુધારતી કે બદલતી તમામ વૈધાનિક જોગવાઈઓ સહિત હોવાનું ગણાશે.

## પ્રકરણ-૩

3. **વિનંતીને આધારે વીજળી પૂરી પાડવાની અને ખર્ચ વસૂલ કરવાની વિતરણ પરવાનેદારની ફરજ :**

(૧) વિતરણ પરવાનેદાર, અધિનિયમની કલમ-૪૩માં સમાવિષ્ટ જોગવાઈઓને અધીન રહીને, ગ્રાહકોના મકાનો સુધી વીજળી પહોંચાડવાની પોતાની ફરજ બજાવશે.

(૨) અધિનિયમની જોગવાઈઓ અને આ વિનિયમો તથા આવા આદેશો, હુકમો કે માર્ગદર્શક સૂચનાઓ જે આયોગ તરફથી વારંવાર ઈશ્યુ કરવામાં આવે તેને અધીન રહીને, દરેક પરવાનેદારને, ખાસ કરીને અરજદારને આવો પુરવઠો આપવાના હેતુસર કોઈ વીજળી લાઈન કે વીજળી -પ્લાન્ટની જોગવાઈ કરવા ઉપરના પેટા ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલ ખર્ચ

ઉપરાંત વાજબીપણે જરુરી એવું ખર્ચ કરવું પડે ત્યારે તેને વીજ-પુરવઠો માંગનાર પાસેથી વસુલાત કરવાની છૂટ છે.

(૩) પરવાનેદાર, જાહેર માર્ગો પર, જેને માટે માંગણી કરેલ વીજ-પુરવઠો મળ્યો હોય તે મકાનની હદની બહાર સૌથી નજીકની મુખ્ય વિતરણ લાઈનમાંથી ૩૦ મીટરની લંબાઈ સુધી સર્વિસ લાઈન (હાલની વિતરણ પ્રણાલીના પ્રકાર પર આધાર રાખીને ઉપર જતી કે ભૂર્ગભલાઈન) વિનામૂલ્યે નાંખશે.

(૪) ગ્રાહકે સર્વિસ લાઈનના અમુક ભાગ માટે ચુકવણી કરી હોય તેમ છતાં, સમગ્ર લાઈન વિતરણ પરવાનેદારની માલિકીની ગણાશે અને વિતરણ પરવાનેદાર તેની જાળવણી કરશે અને વિતરણ પરવાનેદાર તે સર્વિસલાઈનમાં જોડાણ કરીને અથવા બીજીરીતે, બીજી કોઈપણ વ્યક્તિને, પહેલાં જોડાણ અપાયેલ ગ્રાહકના પુરવઠાને નુકસાન ન પહોંચે તે રીતે પુરવઠો આપવા સર્વિસનો ઉપયોગ કરવાનો હક ધરાવે છે.

## પ્રકરણ-૪

### નિમ્ન વોલ્ટતા પુરવઠા (લો-ટેન્શન સપ્લાય) માટે જોગવાઇ

૪.૧ નિમ્ન વોલ્ટતા (લો-ટેન્શન) પુરવઠા માટેની અરજીઓના કેસમાં, આવા પુરવઠા માટે ફકત હાલની મુખ્ય વિતરણ લાઈનમાંથી ગ્રાહકોના મકાનની જગ્યા સુધી સર્વિસ લાઈન નાંખવાની જરૂરી હોય ત્યાં, વિતરણ પરવાનેદાર, ગ્રાહકના મકાન સુધી સર્વિસ લાઈન અને ટર્મિનલનું ખર્ચ તથા મીટર વ્યવસ્થાના ખર્ચનો અંદાજ કાઢશે, પરંતુ તેમાં મીટરના ખર્ચનો સમાવેશ કરશે નહીં. વીજળી લાઈનના, વીજળી પ્લાન્ટ અને મીટર વ્યવસ્થાના અંદાજિત ખર્ચનો આધાર, વિતરણ પરવાનેદાર દ્વારા પ્રસિધ્ધ કરાયેલ છેલ્લામાં છેલ્લી ખર્ચની વિગતો પર રહેશે.

ઉપરના ગ્રાહકોની બાબતમાં, વિતરણ પરવાનેદાર, વિગતવાર વ્યકિતગત અંદાજ તૈયાર કરવાની પ્રક્રિયાનો પ્રબંધ કરવાના બદલે કરાર કરેલ વીજભારના કિ.વો. દીઠ દર અને મીટર દીઠના દરને આધારે ચાર્જ વસૂલ કરી શકશે. અલબત્ત તેમાં વ્યકિતગત અંદાજ તૈયાર કરાશે નહીં, તેમ છતાં વિતરણ પરવાનેદાર, સર્વિસ લાઈનનું વિસ્તરણ કરીને (ડીટીઆર જેવાં કામ કે એચ.ટી. લાઇન નાંખવાનું કોઈ કામ હાથ ધર્યા વિના) વીજળી પૂરી પાડવામાં આવી હોય તેવા પ્રકારના ગ્રાહકો બાબતમાં કરેલા ખર્ચની વિગતો રાખશે. આ પ્રકારના ગ્રાહકોના કિ.વો. દીઠ ખર્ચ નકકી કરવા માટે, કરેલા સરેરાશ ખર્ચના (વિતરણ પરવાનેદારે પ્રસિધ્ધ કર્યા મુજબની છેલ્લામાં છેલ્લી ખર્ચની વિગતો અનુસાર) માપદંડ તરીકે ઉપયોગ કરાશે.

૪.૨.૧ નિમ્ન વોલ્ટતા (લો-ટેન્શન) જોડાણ માટે અરજદારને પુરવઠો વિસ્તારવા માટે, વિતરણ ટ્રાન્સફોર્મર તેમજ સ્વિચ ગિયર, વગેરે જેવા નવા વીજળી-પ્લાન્ટ ઊભા કરવાની જરુર હોય તેવા અરજદારોના કેસમાં, પરવાનેદાર વીજળી પ્લાન્ટના ખર્ચનો અંદાજ નીચે મુજબ કાઢશે.

સ્વિચગિયર સહિત વિતરણ ટ્રાન્સફોર્મર ઊભા કરવાનું ખર્ચ (રૂપિયામાં) = P

વિતરણ ટ્રાન્સફોર્મરની નિર્ધારિત ક્ષમતા KVA = Q

KVA દીઠ ખર્ચ (રૂપિયામાં) = P/Q

અરજદારનો કરાર થયેલ વીજભાર KVA માં = K

વીજળી પ્લાન્ટ અંગે અરજદારે ચૂકવવા પાત્ર રકમ (રૂપિયામાં) = K * (P/Q)

હાલના વીજળી પ્લાન્ટની ક્ષમતા વધારવાની જરૂર હોય તેવી અરજીઓના કેસમાં (જેમ કે વિતરણ ટ્રાન્સફોર્મર અને સ્વિચ ગિયર વગેરે) હાલની અને આવા નવા વીજળી પ્લાન્ટની તફાવત કિંમત ભાગે પડતા ખર્ચની ગણતરીનો આધાર બનશે.

તમામ કેસોમાં વીજળી પ્લાન્ટના ખર્ચના અંદાજનો આધાર, વિતરણ પરવાનેદાર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ છેલ્લામાં છેલ્લી ખર્ચની વિગતો (લેટેસ્ટ કોસ્ટ ડેટા) પર રહેશે.

૪.૨(૨) વીજળી પ્લાન્ટ ઊભો કરવા ઉપરાંત (જેમ કે વિતરણ ટ્રાન્સફોર્મર અને સ્વિચ ગિયર વગેરે) અરજદારને વીજ પુરવઠો પૂરો પાડવા ૧૧ કે.વી. ની લાઈનનું વિતરણ કરવાની જરૂર હોય તેવી અરજીઓના કેસમાં, ૧૧ કે.વી.ની લાઈનના તેટલા ભાગના ખર્ચના અંદાજ, વિતરણ પરવાનેદાર દ્વારા પ્રસિદ્ધ છેલ્લામાં છેલ્લી ખર્ચની વિગતને આધારે કિલોમીટર દીઠના ધોરણે તૈયાર કરાશે.

વિતરણ પરવાનેદાર, પેટા-ફકરા ૪.૨ (૧) અને ૪.૨ (૨)માં દર્શાવ્યા મુજબ, નીચેનાને બાદ કરીને તમામ અરજદારો પાસેથી ખર્ચ વસૂલ કરશે.

ક. ભવિષ્યમાં શરૂ કરવામાં આવે તેવી 'તત્કાલ યોજના' જેવી ખાસ યોજનાઓ હેઠળ આપવામાં આવનાર કૃષિ જોડાણના અપવાદ સાથે કૃષિ ગ્રાહકો.

ખ. મહાનગરપાલિકા સિવાય અન્ય સ્થાનિક તંત્ર દ્વારા/ માટે સંચાલિત વોટર વર્કસ અને સુવેજ પમ્પો.

ગ. ઘરગથ્થુ ગ્રાહકો

ઘ. 100 KVA/125 HP કરાર સુધી વાણિજ્યિક ગ્રાહકો.

## પ્રકરણ-૫

૫. **ઉચ્ચ વોલ્ટતા/ વધારાની ઉચ્ચ વોલ્ટતા (હાઈ ટેન્શન/ એકસ્ટ્રા હાઈ ટેન્શન) પુરવઠા માટે જોગવાઈ.**

૧. અરજદારને પુરવઠાના વિસ્તરણ માટે પેટા- મથકમાંથી (સબ સ્ટેશન) ઉચ્ચ વોલ્ટતા લાઈન કે વધારાની ઉચ્ચ વોલ્ટતા લાઈન (હાઈ -ટેન્શન કે એકસ્ટ્રા હાઈ ટેન્શન) નાખવાની કે હાલની ઉચ્ચ વોલ્ટતા કે વધારાની ઉચ્ચ વોલ્ટતા (હાઈ ટેન્શન કે એકસ્ટ્રા હાઈ ટેન્શન) લાઈનના વિતરણની કે હાલની ઉચ્ચ વોલ્ટતા કે વધારાની ઉચ્ચ વોલ્ટતા (હાઈ ટેન્શન કે એકસ્ટ્રા હાઈ ટેન્શન) લાઈનને મજબૂત કરવાની જરુર હોય ત્યાં, વિતરણ પરવાનેદાર, ઉચ્ચ વોલ્ટતાના કેસમાં (હાઈટેન્શન) પોતાની રીતે અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એકસ્ટ્રા હાઈ ટેન્શન) ના કેસમાં પ્રવાહન પરવાનેદારોના સંકલનમાં, ગ્રાહકના મકાનના સ્થળે ટર્મિનલ અને મીટર વ્યવસ્થાના, પરંતુ મીટરની કિંમત બાકાત રાખીને, ખર્ચ સહિત ઉપર દર્શાવેલ ખર્ચના અંદાજ તૈયાર કરશે. આવા અંદાજ, વિતરણ પરવાનેદાર અને / અથવા પ્રવાહન પરવાનેદાર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ છેલ્લામાં છેલ્લી ખર્ચની વિગતો (લેટેસ્ટ કોસ્ટ ડેટા) પર આધારિત રહેશે.

૨ અરજદારને વીજ-પુરવઠો આપવા માટે નવું પેટા-મથક (સબ સ્ટેશન) ઊભું કરવાની જરૂર હોય તેવી અરજીઓના કેસમાં, વિતરણ પરવાનેદાર, પોતાની રીતે અથવા પ્રવાહન પરવાનેદાર સાથે સંકલનમાં રહીને, ઉપરના પેટા-ખંડ ૪.૨(૧) માં દર્શાવ્યા મુજબ તે જ રીતે જરૂરી કામોના ખર્ચના અંદાજ તૈયાર કરશે. હાલના પેટા-મથકની (સબ સ્ટેશન) ક્ષમતા વધારવાની જરૂર હોય તેવી અરજીઓના કેસમાં, હાલના અને આવા નવા વીજળી પ્લાન્ટની તફાવત પડતી કિંમતને આધારે ફાળે પડતા ખર્ચની ગણતરી કરાશે. આવા પેટા-મથક (સબ સ્ટેશન)નું ખર્ચ, વિતરણ પરવાનેદાર અને / અથવા પ્રવાહન પરવાનેદાર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ છેલ્લામાં છેલ્લા ખર્ચની વિગતો (લેટેસ્ટ કોસ્ટ ડેટા) પર આધારિત રહેશે.

## પ્રકરણ-૬

૬. **(સ્ટાર્ન્ડડ કોસ્ટ ડેટા) ધોરણસરના ખર્ચની વિગતો**

(૧) વિતરણ પરવાનેદાર અને પ્રવાહન પરવાનેદાર ખર્ચ-વિગત પુસ્તિકા (કોસ્ટ ડેટા બુક) પ્રસિદ્ધ કરશે, જેમાં જે વર્ષના અંદાજ તૈયાર કરવાના હોય તેના તરતના આગલા નાણાકીય વર્ષના ખરેખર ખર્ચના આંકડાની વિગતોને આધારે વીજળી પુરવઠો આપવાના હેતુ માટે વાપરેલ વીજળી પ્લાન્ટ કે કોઈ વીજળી પ્લાન્ટ કે કોઈ વીજળી લાઈન પૂરી પાડવાના જરૂરી, વિવિધ પ્રકારના શ્રમિકોના માનવ-કલાકો તેમજ વિવિધ બાબતો અને માલસામાનની વિસ્તૃત વિશિષ્ટ વિગતોને આવરી લેવાશે.

(૨) ખર્ચ-વિગત પુસ્તિકા (કોસ્ટ ડેટા બુક) માં માલ-સામાન અને મજૂરીના કુલ ખર્ચના ૧૫ % નો નિરીક્ષણ ખર્ચનો સમાવેશ કરી શકાશે.

(૩) ખર્ચ-વિગત પુસ્તિકા (કોસ્ટ ડેટા બુક)માં અંદાજો તૈયાર કરવાની પદ્ધતિ નિર્દિષ્ટ કરાશે.

(૪) ખર્ચ-વિગત પુસ્તિકા (કોસ્ટ ડેટા બુક), અરજદાર સુધી વીજપુરવઠો વિસ્તારવા માટે વીજળી લાઈન નાંખવા અને/ અથવા વીજળી પ્લાન્ટ ઊભો કરવાના પ્રારંભિક અંદાજો તૈયાર કરવા માટે આધારરૂપ બનશે.

(૫) વિતરણ પરવાનેદાર અને રાજ્ય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદાર આવી ખર્ચ વિગત પુસ્તિકા (કોસ્ટ ડેટા બુક) તૈયાર કરશે અને તેની નકલો જાહેર જનતાને માંગણી થતાં, વાજબી દરે ઉપલબ્ધ કરાવશે.

## પ્રકરણ-૭

## ૭. હિસાબ-પદ્ધતિ અને હિસાબમેળની રીત

(૧) નવું જોડાણ માંગતા અરજદારને વીજળી પૂરી પાડવા માટે જરૂરી વીજળી લાઈન નાંખવા, વીજળી પ્લાન્ટ ઊભો કરવા અને અન્ય કોઈ સુવિધાઓ ઊભી કરવાનું કામ હાથ ધરતાં પહેલાં, પરવાનેદાર તે અંગેના ખર્ચના અંદાજ કાઢશે. ૩૦ મીટરની સર્વિસ લાઈન તમામ કેસોમાં વિનામૂલ્યે પૂરી પાડશે.

(૨) દરેક અરજદારને આવા અંદાજ અપાશે. કામ શરુ કરતાં પહેલા અરજદાર, વિતરણ પરવાનેદાર પાસે અંદાજની રકમ મૂકશે.

(૩) અંદાજિત રકમ મૂકયા બાદ, આયોગે અલગથી બહાર પાડેલા, વિતરણ પરવાનેદાર માટેના કામગીરી ધોરણ વિનિયમો (સ્ટાન્ડર્ડ ઓફ પરફોર્મન્સ વિનિયમો)માં દર્શાવ્યા મુજબના સમય માળખામાં કામ પૂરું કરશે.

(૪) અરજદારે અનામત મુકેલી રકમનો, ખરેખર ખર્ચ વત્તા માલસામાન અને મજૂરીના કુલ ખર્ચના ૧૫ % દેખરેખ ખર્ચને આધારે, કામ પૂરું થતાં હિસાબમેળ કરાશે.

(૫) વિતરણ પરવાનેદાર, અરજદારને વીજ-પુરવઠો પૂરો પાડવા તેના દ્વારા ખરેખર કરાયેલા તમામ ખર્ચનું રેકર્ડ આપશે અને વધારાના ખર્ચની વસૂલાત અથવા પ્રારંભિક અંદાજના સંબંધમાં કોઈપણ બચતના રિફંડ માટે હિસાબમેળ કરશે. ખંડ ૪.૧ ના બીજા ફકરામાં જોગવાઈ કર્યા પ્રમાણે નિયત ખર્ચના ધોરણે અંદાજ આપવામાં આવે તો, અરજદારે મૂકેલી રકમનો હિસાબમેળ કામ પૂરું થતાં ખરેખર ખર્ચના આધારે કરવો જરુરી નથી.

(૬) કોઈ રકમ વધે તો, તે પ્રથમ વીજળીના બિલમાં હિસાબમેળ કરીને ગ્રાહકને પરત કરાશે. ગ્રાહકને બાબતવાર અંદાજ અને ખરેખર ખર્ચની વિગતો તેમજ શકય તેટલા પ્રમાણમાં બાબતવાર તફાવતના આંકડા દર્શાવતા વિગતવાર બિલો આપશે. વધુમાં, અરજદાર વધુ માહિતી માગે તો, વિતરણ પરવાનેદાર તે આવી વિનંતી મળ્યાના ૧૦ દિવસની અંદર મોકલશે અથવા તે નહીં મોકલવા અંગેના કારણ જણાવશે.

(૭) અરજદારે અનામત મુકેલ રકમ કરતાં વધુ ખર્ચ થાય ત્યારે અરજદાર માંગણીના પંદર દિવસની અંદર તેની ચુકવણી કરશે.

(૮) ઉપર જણાવ્યા પ્રમાણે અનામતની ચુકવણી કર્યા પછી અને કામ પૂરું થયા પહેલાં, અરજદાર પુરવઠો લેવાની ના પાડે તો, કરેલ ખરેખર ખર્ચ + અંદાજની ૧૦ % રકમ અથવા નિમ્ન વોલ્ટના/ ઊંચી વોલ્ટતાના (એલ ટી/એચ ટી) કેસમાં રૂ.૨૦૦૦૦ અને વધારાની ઊંચી વોલ્ટતામાં (એકસ્ટ્રા એચ.ટી.) રૂ. ૫૦,૦૦૦, બેમાંથી જે ઓછું હોય તે, અનામત મૂકેલી રકમમાંથી બાદ કરીને અરજદારને પરત ચૂકવશે.

નવું જોડાણ માંગતા અરજદારને વીજ-પુરવઠો આપવા વીજળીના વાયરો નાંખવાનું કામ, વીજળી પ્લાન્ટના બાંધકામ અગેનું કામ શરુ થતાં પહેલાં અરજદાર અરજી પાછી ખેંચી લે તો, અંદાજની ૫ % રકમ અથવા રૂ.૫૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે બાદ કરીને, બાકીની રકમ પરવાનેદાર અરજદારને પરત કરશે.

(૯) વિકાસકર્તા કે અરજદારે કામ કરવાનું હોય તો, પરવાનેદાર કામ શરુ થતાં પહેલાં અનામત મુકવાની દેખરેખ ચાર્જ તરીકેના અંદાજની ૧૫ % રકમ ચાર્જ કરશે. બીજા કેસોમાં, અરજદાર અંદાજની પૂરેપૂરી રકમ જમા કરાવ્યા પછી પરવાનેદાર કામ શરુ કરશે.

(૧૦) ગ્રાહક, હાલની સવિર્સ લાઈનનો માર્ગ બદલવા માંગે તો, વિતરણ પરવાનેદાર કામ હાથ ધરશે અને વાપરેલ વધારાની સામગ્રી તથા શ્રમ માટે ગ્રાહક પાસેથી ખર્ચ વત્તા તેના પરની ૧૫ % રકમ (દેખરેખ ચાર્જ તરીકે) વસૂલ કરશે.

(૧૧) વિતરણ પરવાનેદાર શકય હોય ત્યાં કામચલાઉ પુરવઠા માટે સર્વિસ લાઈન નાંખશે અને પાછા મળેલ માલસામાન માટેની યોગ્ય રકમ જમા કરાવ્યા પછી આવી સર્વિસ લાઈનો નાંખવા અને ખસેડવા માટે કરેલ ખરેખર ખર્ચ, તે શરતને આધારે કામે રાખેલા મજૂરો વત્તા વાપરેલ માલસામાન અને કામે રાખેલ મજૂરોના દેખરેખ ખર્ચના ૧૫ % રકમ ગ્રાહક ચુકવશે. સર્વિસ લાઈન કે કામચલાઉ પુરવઠા માટેના બિલો સામે મૂકેલી અનામત પર કોઈ વ્યાજ ચુકવાશે નહીં, કેમ કે આ હિસાબ કામચલાઉ પ્રકારનું હોય છે.

(૧૨) ગ્રાહક કામ શરૂ કરતાં પહેલાં કામચલાઉ પુરવઠા માટેની સર્વિસ લાઈનનું અંદાજી ખર્ચ જમા કરાવશે, જેનો સર્વિસ લાઈન કાઢી નાખ્યા બાદ કરેલા ખરેખર ખર્ચ સામે હિસાબમેળ કરાશે.

(૧૩) અરજદારને વીજ-પુરવઠો પૂરો પાડવા, વીજળિક પ્લાન્ટ ઊભો કરવા અને બીજી કોઈ સુવિધાઓ ઊભી કરવાના અંદાજ અંગે કોઈ મતભેદ કે વિવાદ ઊભો થાય તો, ગ્રાહકોની ફરીયાદ નિવારણ માટેના ફોરમની સ્થાપના માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના વિનિયમો તથા ઓમ્બડસમેનની સ્થાપના માટે ગુજરાત વિદ્યુત આયોગના વિનિયમો સાથે વાંચતાં, કામગીરીનાં ધોરણોમાં (સ્ટાન્ડર્ડઝ ઓફ પરફોર્મન્સ) જોગવાઈ કરાયેલ રીત મુજબ આ બાબત હાથ ધરવામાં આવશે.

(૧૪) વિતરણ પરવાનેદારે, નવું જોડાણ માંગતા અરજદારને વીજપુરવઠો પૂરો પાડવા, વીજળી લાઈન નાખવા અને વીજળીક પ્લાન્ટ ઊભો કરવા તથા બીજી કોઈ સુવિધા ઊભી કરવા વસૂલ કરેલ તમામ ખર્ચ હિસાબના યોગ્ય સદરો હેઠળ તે હિસાબ લેશે. આ રીતે વસૂલ કરેલી રકમો, પરવાનેદારના ધંધાની ચોખ્ખી નિયત અસ્કયામતોના મૂલ્યે એકંદર નિયત અસ્કયામતોમાંથી બાદ કરશે.

(૧૫) વીજપુરવઠો આપવાના હેતુસર વીજળી લાઈનના કે વીજળી પ્લાન્ટ કે અન્ય સુવિધાઓ માટે કરેલ ખર્ચ પેટે અરજદાર પાસેથી વસૂલ કરેલ રકમ, વેપારમાંથી રીટર્નની ગણતરી માટે, વિતરણ પરવાનેદારના ઈકવિટી મૂડી આધારનો ભાગ બનશે નહીં.

(૧૬) વીજ-પુરવઠો આપવા માટે વીજળી લાઈન કે વીજળી પ્લાન્ટ કે અન્ય સુવિધાઓ પૂરી પાડવા કરેલા ખરેખર ખર્ચ પેટે અરજદાર પાસેથી વસૂલ કરેલ રકમના પ્રમાણમાં કોઈ ઘસારા-ખર્ચ, પ્રશુલ્ક ગણતરીમાં સમાવિષ્ટ કરાશે નહીં.

(૧૭) બેવડી ગણતરી કે બેવડાતા ખર્ચ નિવારવાની પર્યાપ્ત સલામતીનો હિસાબ અને ઓડિટ કાર્યપદ્ધતિમાં સમાવેશ કરવો.

## પ્રકરણ-૮

### ૮. પ્રકીર્ણ ખર્ચ :

(૧) અધિનિયમની જોગવાઈઓ અને આ વિનિયમોને અધીન રહીને અને આયોગ વખતો વખત બહાર પાડે તેવા આદેશો, હુકમો કે માર્ગદર્શક સૂચનાઓને અધીન રહીને, દરેક વિતરણ પરવાનેદાર, નવા કે ચાલુ ગ્રાહકોને નીચેની સર્વિસ પૂરી પાડવા અંગે વિતરણ પરવાનેદારે કરવાનું કોઈપણ ખર્ચ વસૂલ કરવા અધિકૃત છે.

(૨) ૮.૧ અને ૮.૨ અન્વયે સૂચિત તમામ ખર્ચ અગાઉથી ચૂકવવાપાત્ર છે.

૮.૧ પૂર્વ સેવા-જોડાણ ખર્ચ

(ક) નોંધણી ખર્ચ (પરત કરવાપાત્ર નહીં)

નીચેના નોંધણી ખર્ચ નવા સર્વિસ જોડાણને લાગુ પડશે.

| ક્રમ નં. | વિગતો | ખર્ચ |
|---|---|---|
| ૧. | રહેઠાણ માટે એક-ફેઝનો વીજ -પુરવઠો | રૂા. ૪૦-૦૦ |
| ૨. | રહેઠાણ માટે ત્રણ-ફેઝનો વીજ -પુરવઠો | રૂા.૧૦૦-૦૦ |
| ૩. | વાણિજ્યિક હેતુ માટે એક-ફેઝ અને ત્રણ-ફેઝનો પુરવઠો | રૂા.૧૦૦-૦૦ |
| ૪. | નિમ્ન વોલ્ટતા (એલ.ટી.) કૃષિ માટે ત્રણ ફેઝનો પુરવઠો | રૂા.૨૦૦-૦૦ |
| ૫. | નિમ્ન વોલ્ટતા (એલ.ટી.) ઔદ્યોગિક માટે ત્રણ ફેઝનો પુરવઠો | રૂા.૪૦૦-૦૦ |
| ૬. | ઉચ્ચ વોલ્ટતા અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી.અને ઈ.એચ.ટી.) ટોચ માટેનો પુરવઠો (માટે અરજી કરેલ માંગને લાગુ પડશે) | રૂા.૨૫૦૦-૦૦ ની કિંમતને-અધીન રહીને |
| ૭. | ઉપર નહીં વર્ણવેલી બીજી તમામ કક્ષાઓ | કેવીએ દીઠ રૂા.૧૦ રૂા.૧૦૦-૦૦ |

નોંધ: ઉપરના નોંધણી ખર્ચ કામચલાઉ પુરવઠાને પણ લાગુ પડશે.

(ખ) ફેર-અંદાજ અંગેનું ખર્ચ

ગ્રાહકના સૂચનથી અંદાજમાં કોઈ સુધારો કરવામાં આવે તો નીચે મુજબનું વધારાનું ખર્ચ થશે.

| ક્રમ નં. | વિગતો | ખર્ચ |
|---|---|---|
| ૧. | નિમ્ન વોલ્ટતા (એલ.ટી) સર્વિસ | રૂા.૨૦-૦૦ |
| ૨. | ઉચ્ચ વોલ્ટતા અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી.અને એકસ્ટ્રા એચ.ટી.) સર્વિસ | રૂા. ૨૦૦-૦૦ |

(ગ) તમામ પ્રકારો માટે પરીક્ષણ અહેવાલ ખર્ચ -રૂા. ૨૦

(ઘ) સ્થાપન/ગોઠવણનું પરીક્ષણ :

(૧) કાયમી પુરવઠા માટેની ગોઠવણના જોડાણ પૂર્વે પરીક્ષણ અને નિરીક્ષણ વિનામૂલ્યે કરવામાં આવશે, પરંતુ પછીથી વધુ પરીક્ષણ અને નિરીક્ષણ જરૂરી જણાય તો, આવા પરીક્ષણ અને / અથવા નિરીક્ષણ માટે ચાર્જ થશે રૂા. ૫૦

(૨) કામચલાઉ ગોઠવણના પ્રારંભિક નિરીક્ષણ અને પાછળના પરીક્ષણ માટે તથા જોડાણ માટે ચાર્જ થશે. રૂા.૧૦૦/-

૮.૨ <u>પશ્ચાત સર્વિસ જોડાણ ખર્ચ</u>

ક. નોંધણી ખર્ચ પરત (કરવાપાત્ર નહીં)

નીચેનું નોંધણી ખર્ચ વીજભારમાં ઉમેરા / ઘટાડાને લાગુ પડશે અને તેજ મકાનમાં જોડાણ ખસેડવા માટે અરજી કરે તેવા કેસોમાં પણ લાગુ પડશે.

| ક્રમ નં. | વિગતો | ખર્ચ |
|---|---|---|
| ૧. | રહેઠાણ માટે એક-ફેઝનો વીજ પુરવઠો | રૂા. ૪૦-૦૦ |
| ૨. | રહેઠાણ માટે ત્રણ-ફેઝનો વીજ પુરવઠો | રૂા. ૧૦૦-૦૦ |
| ૩. | વાણિજિયક હેતુ માટે એક-ફેઝ અને ત્રણ-ફેઝનો પુરવઠો | રૂા. ૧૦૦-૦૦ |
| ૪. | નિમ્ન વોલ્ટતા (એલ.ટી.) કૃષિ માટે ત્રણ ફેઝનો પુરવઠો | રૂા. ૨૦૦-૦૦ |
| ૫. | નિમ્ન વોલ્ટતા (એલ.ટી.) ઔદ્યોગિક માટે ત્રણ ફેઝનો પુરવઠો | રૂા. ૪૦૦-૦૦ |
| ૬. | ઉચ્ચ વોલ્ટતા અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી.અને એકસ્ટ્રા એચ.ટી) માટેનો પુરવઠો. | રૂા.૨૫૦૦૦-૦૦ ની ટોચ કિમતને આધીન રહીને કેવી દીઠ રૂા.૧૦ |
| ૭. | ઉપર નહીં વર્ણવેલી બીજી તમામ કક્ષાઓ | રૂા. ૧૦૦-૦૦ |
| ૮. | ઉચ્ચ વોલ્ટતા અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી.અને એકસ્ટ્રા એચ.ટી) પુરવઠા માગમાં ઘટાડો | રૂા.૨૦૦૦-૦૦ ની ટોચ મર્યાદાને અધીન (જરૂરિયાત ઘટાડાના જથ્થાને લાગુ પડવાપાત્ર.) |

નોંધ :- ઉપરનું નોંધણી ખર્ચ કામચલાઉ પુરવઠાને પણ લાગુ પડશે.

(ખ) નામ બદલવા અને કરાર તબદીલ કરવા નોંધણી ખર્ચ

હાલની સર્વિસનું નામ બદલવા તથા વીજપુરવઠા માટે ગ્રાહકે પુરવઠાકર્તા સાથે કરેલા કરારના લાભ તબદીલ કરવા માટેની અરજીની સાથે નીચે નિર્દિષ્ટ કર્યા મુજબ બિન-રિફંડપાત્ર નોંધણી ખર્ચ મોકલશે.

| ક્રમ નં. | વિગતો | ખર્ચ |
|---|---|---|
| ૧. | રહેઠાણ માટે એક-ફેઝનો વીજ-પુરવઠો | રૂા. ૨૦-૦૦ |
| ૨. | વાણિજિયક માટે એક-ફેઝ પુરવઠો અને રહેઠાણ માટે ત્રણ ફેઝનો વીજપુરવઠો | રૂા. ૧૦૦-૦૦ |
| ૩. | નિમ્ન વોલ્ટતા (એલ.ટી.) કૃષિ માટે ત્રણ ફેઝનો પુરવઠો | રૂા.૩૦૦-૦૦ |
| ૪. | ઉદ્યોગ માટે ત્રણ ફેઝનો પુરવઠો | રૂા. ૪૦૦-૦૦ |
| ૫. | ઉચ્ચ વોલ્ટતા અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી. એન્ડ એકસ્ટ્રા એચ.ટી.) માટેનો પુરવઠો | રૂા. ૨૦૦૦-૦૦ |

243

(ગ) **ફેર-જોડાણ / જોડાણ છૂટું કરવા અંગે ખર્ચ**

**ફેર-જોડાણ ખર્ચ**

| ક્રમ નં. | વિગતો | ખર્ચ |
|---|---|---|
| ૧. | રહેઠાણ | રૂા. ૧૦૦-૦૦ |
| ૨. | વાણિજિયક | રૂા. ૨૦૦-૦૦ |
| ૩. | નિમ્ન વોલ્ટતા (એલ.ટી) | રૂા. ૨૦૦-૦૦ |
| ૪. | નિમ્ન વોલ્ટતા- ઔદ્યોગિક અને અન્ય | રૂા. ૯૦૦-૦૦ |
| ૫. | ઉચ્ચ વોલ્ટતા અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી અને ઈ એચ ટી.) | રૂા. ૩૨૦૦-૦૦ |

નોંધઃ- જો પુરવઠાકર્તાનો સ્ટાફ મીટર કે સર્વિસ કટ-આઉટનું જોડાણ છૂટું કરવા માટે પહોંચવા અસમર્થ હોય, અને આ જોડાણ ભૂગર્ભ કે માથા પરની મુખ્ય લાઈનમાંથી છૂટું કરવાનું હોય તો, ગ્રાહકે જોડાણ છૂટું કરવા અને ફેર-જોડાણ અંગે પ્રાસંગિક તમામ ખર્ચ ચૂકવવાનું રહેશે.

**ગ્રાહકની વિનંતીથી જોડાણ છૂટું કરવું :**

| ક્રમ નં. | વિગતો | ખર્ચ |
|---|---|---|
| ૧. | રહેઠાણ | રૂા. ૫૦-૦૦ |
| ૨. | વાણિજિયક | રૂા. ૧૦૦-૦૦ |
| ૩. | નિમ્ન વોલ્ટતા (એલ.ટી) કૃષિ | રૂા. ૧૦૦-૦૦ |
| ૪. | નિમ્ન વોલ્ટતા (એલ.ટી) ઔદ્યોગિક અને અન્ય | રૂા. ૫૦૦-૦૦ |
| ૫. | ઉચ્ચ વોલ્ટતા અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી. અને એકસ્ટ્રા એચ.ટી) | રૂા. ૧૫૦૦-૦૦ |

(ઘ) **કાયમી પુરવઠા માટે મીટર ખર્ચ**

| ક્રમ નં. | વિગતો | ખર્ચ |
|---|---|---|
| ૧. | એક ફેઝ મીટર ભાડે રાખવું | મીટર/ મહિના દીઠ રૂા.૧૦૦-૦૦ |
| ૨. | ત્રણ ફેઝ મીટર ભાડે રાખવું | મીટર /મહિના દીઠ રૂા. ૩૦-૦૦ |
| ૩. | નિમ્ન વોલ્ટતા (એલ.ટી.) ગ્રાહક માટે ડિમાન્ડ મીટર અથવા ખાસ પ્રકારનું મીટર ભાડે રાખવું | મીટર/મહિના દીઠ રૂા. ૨૨૫-૦૦ |
| ૪. | KWH મીટર સાથે કે તેના વિના ટાઈમ-સ્વિચ ભાડે રાખવી | ટાઈમ સ્વિચ/ મહિના દીઠ રૂા. ૨૨૫-૦૦ |
| ૫. | ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી.)/ વધારાની ઉચ્ચ વોલ્ટતા (એકસ્ટ્રા એચ.ટી.) મીટર સાધનસામગ્રી ભાડે રાખવી. | મીટર/મહિના દીઠ રૂા. ૭૫૦-૦૦ |

**કામચલાઉ પુરવઠા માટે :**

| ક્રમ નં. | વિગત | ખર્ચ |
|---|---|---|
| ૧. | એક ફેઝ મીટર ભાડે રાખવું | મીટર/ મહિના દીઠ રૂા.૧૫-૦૦ |
| ૨. | બહુ ફેઝ મીટર (૩ ફેઝ) ભાડે રાખવું | મીટર/ મહિના દીઠ રૂા.૬૦-૦૦ |
| ૩. | ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી.)/ વધારાની ઉચ્ચ વોલ્ટતા (એકસ્ટ્રા એચ.ટી.)મીટર-સાધન સામગ્રી ભાડે રાખવી. | મીટર/મહિના દીઠ રૂા.૧૫૦૦-૦૦ |

નોંધઃ- સર્વિસ જોડાણના પ્રથમ મહિને મીટરનો ચાર્જ, મહિનાના જેટલા દિવસો વીજળી પૂરી પાડવામાં આવી હોય તેના પ્રમાણમાં રહેશે. સર્વિસ છૂટી કરવામાં અને / અથવા ફેરજોડાણની નવેસર ગોઠવણ કરવામાં આવે ત્યારે કે ત્યારબાદ મીટર જે મહિનામાં કાઢી નાંખ્યું હોય તે અંગે મીટર ચાર્જ, ગ્રાહકના મકાનમાં મીટર જે મહિનામાં રહે તેના દિવસોની સંખ્યાના પ્રમાણમાં રહેશે. આવું પ્રમાણસર ખર્ચ પૂરા ૫૦ પૈસાની નજીક રહેશે.

(ચ) અન્ય ખર્ચ :-

| ક્રમ | વિગતો | | ખર્ચ |
|---|---|---|---|
| (એ) | ગ્રાહકના વીજ-જોડાણમાં ભૂલને કારણે પુરવઠામાં ભંગાણ પડેલ હોય ત્યાં ફ્યૂઝમેને તેની સંભાળ માટે હાજર થવા અંગે ખર્ચ. | (૧) | નિમ્ન વોલ્ટતા (લો-ટેન્શન) ગ્રાહકો માટે રૂા.૧૦/- |
| | | (૨) | ઉચ્ચ વોલ્ટતા (હાય ટેન્શન) ગ્રાહકો માટે સિંગલ ફેઝમાં ફેઝ બદલવા માટે રૂા.૧૦/- અને બે ફેઝમાં ફ્યુઝ બદલવા માટે રૂા. ૧૫/- અને ત્રણ ફેઝમાં ફ્યુઝ બદલવા રૂા.૨૦/- |
| (બી) | કોઈપણ કામગીરી દરમ્યાન ગ્રાહકના મકાન ખાતે ફ્યૂઝમેને હાજર રહેવાનો ખર્ચ : (વ્યક્તિ દીઠ પાળી દીઠ) | | રૂા. ૫૦૦-૦૦ |
| (સી) | અનધિકૃત રીતે ચેડાં કર્યા હોય તેવા મીટર સીલ સિવાયનાં બીજા સીલ ફરથી સીલ કરવાનું ખર્ચ | | રૂા. ૧૦૦-૦૦ |
| (ડી) | બિનઅધિકૃત રીતે ચેડાં કરેલ મીટર સીલનું ફરીથી સીલ કરવા અંગેનું ખર્ચ | | |
| | (૧) રહેણાંકની સર્વિસના કેસમાં | | રૂા. ૫૦-૦૦ |
| | (૨) રહેણાંક સિવાયની બીજી સર્વિસના કેસમાં | | રૂા. ૨૦૦-૦૦ |
| (ઈ) | મીટર/ બોર્ડ બદલવું કે ફેરવવું | | ખરેખરું ખર્ચ વત્તા ૧૫ % |
| (એફ) | પરીક્ષણ મીટર (તમામ પ્રકારના મીટરો) ધોરણો /નિયમો દ્વારા ઠરાવેલ મર્યાદાની અંદર સાચું હોવાનું પુરવાર થાય તો | | |
| | (૧) એક ફેઝ મીટર | | રૂા. ૧૦૦ |
| | (૨) ત્રણ ફેઝ મીટર | | રૂા. ૩૦૦ |
| | (૩) અધિકતમ ડિમાન્ડ મીટર (નિમ્ન વોલ્ટતા એલ.ટી) | | રૂા. ૫૦૦ |
| | (૪) અધિકતમ ડિમાન્ડ મીટર (એચટી / ઈએચટી) | | રૂા. ૧૦૦૦ |
| (જી) | વીજ ગોઠવણનું પ્રારંભિક જોડાણ કર્યા બાદ, બીજા કોઇ હેતુસર, જરૂરી દરેક બીજા પ્રકારના પુરવઠા માટે મીટર ગોઠવવું અથવા ગ્રાહકની માગણીમાં ફેરફારને લીધે જરૂરી બનતાં એક જુદા કદનું મીટર બદલવું. (ફીમાં મીટર બોર્ડની જોગવાઇનો સમાવેશ થતો નથી) મીટર દીઠ | | રૂા. ૧૦૦ |
| (એચ) | સીટી / પીટી પરીક્ષણ ખર્ચ | | |
| | (૧) સીટી પરીક્ષણ (એલટી) | | રૂા. ૧૦૦ |
| | (૨) સીટી / પીટી યુનિટ (એચ.ટી/ઇએચટી) | | રૂા. ૫૦૦ |

(છ) પ્રકીર્ણ કામ માટે ખર્ચ :

પુરવઠાકાર, ગ્રાહક માટે હાથ ધરે અને આગળની અનુસૂચિમાં જેનો સમાવેશ ન થયો હોય તેવા કોઈપણ કામ માટે અગાઉથી ચૂકવવાપાત્ર ખર્ચ, મજૂરી અને માલસામાનના ખરેખરા ખર્ચ વત્તા વ્યવસ્થા ખર્ચનો આવરી લેવા ૧૫ રહેશે. જરૂરી હોય ત્યારે અંદાજ રજૂ કરાશે. પુરવઠાકાર, ગ્રાહક વતી, એજન્સી કામ તરીકે કોઇ કામ હાથ ધરે તો તે માટે અગાઉથી ચૂકવવાપાત્ર ખર્ચ મજૂરી અને માલસામાનનું ખરેખરું ખર્ચ વત્તા વ્યવસ્થા ખર્ચ આવરી લેવા ૧૫ રહેશે. અંદાજ, તદનુસાર રજૂ કરાશે.

૯. મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા

(૧) આ વિનિયમોની કોઇ જોગવાઇ અમલમાં મૂકવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય તેવા કેસમાં, આયોગને, મુશ્કેલી દૂર કરવાના હેતુ માટે જરૂરી કે આવશ્યક લાગે તે રીતે, ૨૦૦૩ના વીજળી અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તે રીતે તે, સામાન્ય કે ખાસ હુકમથી યોગ્ય પગલું ભરશે અથવા પરવાનેદારને યોગ્ય લેવા ફરમાવશે.

(૨) પરવાનેદાર આ વિનિયમોના અમલમાં ઊભી થાય તેવી કોઇપણ મુશ્કેલીઓ દૂર કરવા આયોગને અરજી કરી શકશે અને જરૂરી હુકમો મેળવી શકશે.

(૧૦) હુકમો ઈશ્યુ કરવા અને માર્ગદર્શક સૂચનાઓ :-

૨૦૦૩ના વીજળી અધિનિયમ અને આ વિનિયમોની જોગવાઈઓને અધીન રહીને, આયોગ, અનુસરવાના વિનિયમો અને કાર્યપદ્ધતિઓના અમલ અંગે વખતોવખત આદેશો અને માર્ગદર્શક સૂચનાઓ આપશે.

(૧૧) સુધારો કરવાની સત્તા.

આયોગ, આ વિનિયમોની કોઈપણ જોગવાઈમાં વખતોવખત ઉમેરો, ફેરફાર,પરિવર્તન કે સુધારો કરશે.

અમદાવાદ

તા.૩૧ માર્ચ,૨૦૦૫

પી.એસ.શાહ

સચિવ

---------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.